# ❋ 11. द द द इति ❋

[**પ્રસ્તાવના :** વૈદિકસાહિત્યનું અંતિમ સોપાન ઉપનિષદ છે. આ ઉપનિષદસાહિત્ય એક તરફ ગંભીર તત્ત્વચિંતન માટે પ્રસિદ્ધ છે, ત્યાં બીજી તરફ નાનાં નાનાં સરસ આખ્યાનો દ્વારા ઉપદેશ આપવા માટે પણ પ્રસિદ્ધ છે. પ્રસ્તુત પાઠ ઐતરેય ઉપનિષદમાં આવતા એક સુપ્રસિદ્ધ આખ્યાનના આધારે સંપાદિત કરવામાં આવ્યો છે.

પૃથ્વી ઉપર રહેતો માનવસમૂહ આકૃતિ વગેરેને કારણે, સામાન્ય રીતે જોવામાં આવે, તો એક સરખો લાગે, પણ જો સૂક્ષ્મતાથી વિચારવામાં આવે, તો આ માનવસમૂહ ત્રિવિધ રૂપમાં વહેંચાયેલો જોઈ શકાય. કેટલાક માણસો ઇન્દ્રિયોના દમનથી દૂર રહે છે. ઇન્દ્રિય જેમ ઇચ્છે છે, તેમ વર્તવા તૈયાર રહે છે. કેટલાક લોકો પોતાની પાસે ઘણી બધી સાધન-સામગ્રી હોવા છતાં, તેનું દાન કરવામાં કંઈ સમજતા નથી. જ્યારે કેટલાક લોકો દયા વગેરે માનવીય ભાવનાઓનો આદર કરવામાં માનતા નથી. આ પ્રકારના લોકોને પ્રજાના કષ્ટની કે તકલીફની કોઈ પ્રતીતિ જ હોતી નથી. આ ત્રણેય પ્રકારના માનવસમૂહ માટે પ્રજાપતિ બ્રહ્માએ જે એક વર્ણનો ઉપદેશ આપ્યો, તે છે - द.

વિશ્વસાહિત્યમાં કદાચ આટલો નાનો અને વ્યાપક ઉપદેશ જડે, એમ નથી. ઉપનિષદમાં ભલે આ ઉપદેશ દેવ, માનવ અને દાનવને લાગુ પાડવામાં આવ્યો હોય, પણ વર્તમાન સંદર્ભે એને વિશ્વમાં વસતા માનવમાત્રને લાગુ પાડવાનો છે. એ પ્રમાણે સમગ્ર માનવસમાજ જો દમન, દાન અને દયાનો ઉપાસક બની જાય, તો ઘણી બધી સમસ્યાઓનું નિરાકરણ આપોઆપ થઈ જાય એમ છે. ]

---

उपनिषत्सु संवादरूपेण अतीव मनोहराः उपदेशाः शोभन्ते। अत्र ऐतरेयोपनिषदः पञ्चमाध्यायस्य द्वितीये ब्राह्मणे स्वपुत्रान् प्रति प्रजापतेः यः उपदेशः उपलभ्यते, तदत्र प्रस्तूयते।

प्रजापतेः त्रयः पुत्राः देवाः मनुष्याः असुराः च आसन्। तेषु देवाः प्रजापतिं प्रथमं प्रार्थितवन्तः यत् अस्मभ्यं हितकारकम् अक्षरम् उपदिशतु इति। तदा प्रजापतिः 'द' इति प्रोक्तवान्। अर्थात् दाम्यत इति। अस्यायमाशयः–देवाः संयमं कुर्वन्तु इति प्रजापतेः उपदेशः। यतो हि देवानां कृते बहवः भोगाः सुलभाः सन्ति। अत एव प्रजापतिः उपदिष्टवान् यत् यूयं स्वभावतः अदान्ताः, अतः युष्माभिः दान्तैः भाव्यमिति॥

ततः मनुष्याः भगवन्तं प्रजापतिं प्रार्थितवन्तः – अस्माकं कृतेऽपि हितकारकम् अक्षरम् उपदिशतु इति। तदा प्रजापतिः 'द' इति प्रोक्तवान्। अर्थात् दत्त इति। अस्यायमाशयः – मनुष्याः स्वभावतः लुब्धाः सन्ति। अतः ते दानं कुर्वन्तु इति प्रजापतेः उपदेशः।

ततः असुराः भगवन्तं प्रजापतिं प्रार्थितवन्तः – अस्मभ्यं हितकारकम् अक्षरम् उपदिशतु इति। तदा प्रजापतिः 'द' इति प्रोक्तवान्। अर्थात् दयध्वमिति। अस्यायमाशयः – असुराः स्वभावतः एव क्रूराः हिंसादिपराः सन्ति। अतः ते प्राणिषु दयां कुर्वन्तु इति प्रजापतेः उपदेशः।

ततः प्रजापतिरुवाच तदेतदेव दैवी वागनुवदति द द द इति। दाम्यत दत्त दयध्वमिति। एतत् त्रयं शिक्षेत दमम् दानम् दयामिति। तदेव एतत् त्रयं हितम् इच्छता जनेन अनुष्ठेयम् इति उपदेशस्य सारः बोद्धव्यः। वस्तुतस्तु मानवाः एव उत्तमगुणोपेताः देवाः, लोभपरायणाः मनुष्याः हिंसादिदोषदूषिताः च राक्षसाः भवन्ति। अतः मनुष्यैः यथाप्रकृति यथाकालं दकारार्थं स्वीकृत्य उत्तमैः भाव्यम् इति भावः॥

### ટિપ્પણી

**उपनिषत्सु ( उपनिषत् स्त्री. स. ब.व. )** ઉપનિષદોમાં **संवादरूपेण ( संवादस्य रूपम्, तेन – ष.तत्पु. )** સંવાદરૂપથી **शोभन्ते ( शुभ्** શોભવું **व. अ. ब.व. )** શોભે છે **ब्राह्मणे** બ્રાહ્મણ નામક ગ્રંથમાં **संगृहीतः ( सम् + ग्रह् + त क.भू.कृ. )** સંગ્રહાયેલ **प्रजापतेः** પ્રજાપતિના, બ્રહ્માના **प्रस्तूयते ( प्र + स्तु कर्म. व. अ. ए.व. )** પ્રસ્તુત કરવામાં આવે છે, રજૂ કરવામાં આવે છે. **त्रयः ( त्रि पुं. प्र. ब.व. )** ત્રણ **आसन् ( अस् ह्य.भू. अ. ब.व. )** હતા. **प्रार्थितवन्तः ( प्र + अर्थ् + त कर्तरि भू.कृ., प्रार्थितवत् प्र. ब.व. )** પ્રાર્થના કરી **अस्मभ्यम् ( अस्मत् च. ब.व. )** અમને, અમારા માટે **हितकारकम् ( हितस्य कारकम् –**

**ष.तत्पु.)** હિત કરનારા, કલ્યાણ કરનારા **अक्षरम् (न क्षरति इति अक्षरः** જેનો ક્ષર-નાશ થતો નથી તે) અક્ષરને, વર્ણને **उपदिशतु (उप + दिश् आ. अ. ए.व.)** ઉપદેશ આપો **'द' इति प्रोक्तवान् (प्र + वच् + क्त कर्तरि भू.कृ.)** 'દ, એવો અક્ષર કહ્યો **दाम्यत (दम् आ. म. ब.व.)** દમન કરો. **कुर्वन्तु (कृ आज्ञा. अ. ब.व.)** કરો. બનાવો. **भोगाः** ભોગ, ભોગવવા -પાત્ર વસ્તુઓ **सुलभाः** સરળતાથી મળી શકે તેવા **उपदिष्टवान् (उप + दिश् + क्त कर्तरि भू.कृ.)** ઉપદેશ કર્યો **स्वभावतः (अव्यय)** સ્વાભાવિક રીતે **अदान्ताः (न दान्ताः - नञ् तत्पु.)** દમન ન કરનારા **युष्माभिः** તમારા થકી **दान्तैः (दम् + त क.भू.कृ.)** દમન કરનારા **भाव्यम् (भू + य विध्यर्थ कृ.)** થવું જોઈએ **भगवन्तम्** ભગવાનને **दत्त (दा आज्ञा. म. ब.व.)** આપો **लुब्धाः** લોભિયાઓ, કંજુસ **दयध्वमिति (दय् आ. म. ब.व.)** દયા કરો એમ **क्रूराः** ક્રૂર, નિષ્ઠુર, નિર્દય **हिंसादिपराः (हिंसादिषु पराः - स.तत्पु.)** હિંસા વગેરે કરનારા **प्राणिषु (प्राणिन् पुं. स. ब.व.)** જીવોમાં, પ્રાણીઓમાં **दैवी वाक्** દેવતાઓની વાણી **अनुवदति (अनु + वद् व. अ. ए.व.)** બોલે છે **द द द इति** દ, દ, દ એવું **शिक्षेत (शिक्ष् विध्यर्थ. अ. ए.व.)** બોધ આપવો **दमम्** દમનને **दानम्** દાનને **दयाम्** દયાને **इच्छता (इष् > इच्छत् वर्त.कृ.पु. तृ.वि. ए.व.) जनेन** ઇચ્છા રાખતા માણસ દ્વારા **अनुष्ठेयम् (अनु + स्था + य विध्यर्थ कृ.)** અનુષ્ઠાન કરવું જોઈએ, આચરવું જોઈએ **बोद्धव्यः (बुध् + तव्य विध्यर्थ कृ.)** જાણવું જોઈએ **वस्तुतस्तु** હકીકતમાં તો **उत्तमगुणोपेताः (उत्तमः चासौ गुणः - कर्म., उत्तमगुणैः उपेताः - तृ.तत्पु.)** ઉત્તમ ગુણવાળા, ઉત્તમ ગુણોથી યુક્ત **लोभपरायणाः (लोभे परायणाः - स. तत्पु.)** લોભમાં રત રહેનારા **हिंसादिदोषदूषिताः (हिंसादयः एव दोषाः - कर्म., हिंसादिदौषैः दूषिताः - तृ.तत्पु.)** હિંસા વગેરે દોષોથી દૂષિત થયેલા **यथाप्रकृति (प्रकृतिम् अनतिक्रम्य - अ.भा.)** પ્રકૃતિ મુજબ, સ્વભાવ પ્રમાણે **यथाकालम् (कालम् अनतिक्रम्य - अ.भा.)** સમય પ્રમાણે, સમય મુજબ **दकारार्थम् (दकारस्य अर्थम् - ष.तत्पु.)** દ વર્ણનો અર્થ **स्वीकृत्य** સ્વીકારીને **उत्तमैः** ઉત્તમ **इति भावः** એવો ભાવ છે.

## સન્ધિ

अस्यायमाशयः (अस्य अयम् आशयः)। कृतेऽपि (कृते अपि)। प्रजापतिरुवाच (प्रजापतिः उवाच)। तदेतदेव (तत् एतत् एव)। वागनुवदति (वाक् अनुवदति)। तदेव (तत् एव)। वस्तुतस्तु (वस्तुतः तु)।

## વિશેષ

**द द द इति।**

પ્રજાપતિ બ્રહ્માનો દેવો, દાનવો અને મનુષ્યો માટે આ द એ એક જ ઉપદેશ છે. પરંતુ તે દેવો માટે दाम्यत અર્થાત્ ઇન્દ્રિયોને કાબૂમાં રાખો, તેમનું દમન કરો, મનુષ્યો માટે दत्त આપો, દાન કરો અને દાનવો-અસુરો માટે दयध्वम् અર્થાત્ સહુ પ્રાણીઓ ઉપર દયા કરો - એમ ત્રણ અર્થ આપે છે. આ ત્રણ જુદા જુદા અર્થને કહેવા માટે અહીં द द द એમ ત્રણ વાર ઉપદેશ કરવામાં આવ્યો છે આ રીતે द વર્ણ તરીકે એકસરખો હોવા છતાં વિવિધ સંદર્ભોમાં તેના અર્થ ભિન્ન ભિન્ન છે. આ એક અક્ષરનો ઉત્તમ ઉપદેશ છે.

## સ્વાધ્યાય

**1. यथास्वं विकल्पम् चित्वा लिखत।**

(1) प्रजापतिः कं वर्णं प्रोक्तवान् ?

(क) च (ख) द (ग) म (घ) प

(2) दाम्यत इत्यस्य कः अर्थः ?

(क) द्वेषं कुरुत (ख) दमनं कुरुत (ग) दानं कुरुत (घ) दर्शनं कुरुत

(3) दत्त इत्युपदेशः कस्मै प्रदत्तः ?

(क) मनुष्याय (ख) दानवाय (ग) सर्वजनाय (घ) देवाय

(4) दयध्वम् इत्यस्य कः अर्थः ?

(क) दानं कुरुत (ख) ध्यानं कुरुत (ग) दयां कुरुत (घ) दमनं कुरुत

**2. अधोलिखितानां प्रश्नानां संस्कृतभाषया उत्तराणि लिखत।**

(1) प्रजापतेः कति पुत्राः ते च के ?

(2) प्रजापतिः देवान् किम् उपदिष्टवान् ?

(3) मनुष्याः स्वभावतः कीदृशाः सन्ति ?

(4) स्वभावतः के क्रूराः सन्ति ?

(5) हितम् इच्छता जनेन किम् अनुष्ठेयम् ?

**3. નીચેના પ્રશ્નોના માતૃભાષામાં ઉત્તર આપો :**

(1) પ્રસ્તુત પાઠ કયા ઉપનિષદમાંથી લેવામાં આવ્યો છે ?

(2) દેવો, મનુષ્યો અને દાનવોએ પ્રજાપતિ પાસે શી યાચના કરી ?

(3) ‘દ’ વર્ણના માધ્યમથી કયા ગુણોનો ઉપદેશ કરવામાં આવ્યો છે ?

(4) મનુષ્યોએ ‘દ’ વર્ણનો કયો અર્થ લીધો ? શા માટે ?

(5) દેવોએ ‘દ’ વર્ણનો ‘દમન કરો’ એવો અર્થ શા માટે લીધો ?

**4. સમીક્ષાત્મક નોંધ લખો :**

પ્રજાપતિનો ઉપદેશ द.

•